





# અધ્યયન નિષ્પત્તિઓ

1. શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન અરસપરસ પ્રતિભાવ આપે છે.
2. શિક્ષક દ્વારા આપવામાં આવતી ‘Standup’ ‘Sit down’ ‘Jump’ ‘Clap’ જેવી સાદી હાવભાવ સાથેની સરળ સૂચનાઓને અનુસરે છે અને તે મુજબની ક્રિયાઓ કરે છે.
3. Rhymes, Action Songs, Poems, Prayers સામૂહિક રીતે યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે.
4. વર્ગખંડમાં ઉપલબ્ધ લેખિત સામગ્રી (ફ્લેશકાર્ડ / ચિત્રમાં રહેલા શબ્દો) તેમજ ઘર અને આસપાસના પર્યાવરણમાં રહેલી વિવિધ વસ્તુઓનું વર્ણન સાંભળે છે, સમજે છે અને ટૂંકમાં તેનું વર્ણન કરે છે.
5. લોનવર્ડ્ઝ સહિત આશરે 300 જેટલાં શબ્દો જાણે છે અને તે વિશે જણાવે છે.
6. પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે અને તેની જોડ બનાવે છે.
7. 51 ની 100 સુધીના અંગ્રેજી અંકોને વાંચે અને લખે છે તેમજ વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.
8. પોતાના પ્રિય વાર્તાના પુસ્તક / પાત્ર વિશે દ્વિભાષામાં વાત કરે છે. મુદ્દા કે ચિત્રની મદદથી વાર્તાનું વર્ણન કરે છે.
9. ટૂંકી પરિચિત વાર્તા અંગ્રેજીમાં સાંભળે છે. વાર્તા અને પાત્રો વિશે અંગ્રેજી / ઘરની ભાષામાં પ્રશ્નો પૂછે છે. અભિનયયુક્ત અને ચિત્રની મદદથી રજુ થયેલી વાર્તા સાંભળીને સમજે છે તેમજ વાર્તામાં આવતા શબ્દો અને શબ્દ સમૂહો જાણે છે. વાંચે છે અને તેનો ઉપયોગ કરે છે તેમજ પુછાયેલા પ્રશ્નોના જવાબ આપે છે અને મુદ્દા કે ચિત્રોની મદદથી વાર્તા કહે છે.
10. વાર્તા / કવિતા સંબંધી પ્રશ્નોના દ્વિભાષામાં શબ્દ સમૂહ અથવા ટૂંકા વાક્યોમાં મૌખિક રીતે જવાબ આપે છે.

11. પોતાના વિશે અને પોતાના મિત્ર / ભાઈ-બહેન વિશે વાત કરે છે તેમજ તેમની / પસંદ / નાપસંદનું ટૂંકમાં વર્ણન કરે છે.

12. અંગ્રેજી મૂળાક્ષરો વાંચે છે તેમજ કેપિટલ અને સ્મૉલ મૂળાક્ષરો અને તેનાથી બનતા શબ્દોનું યોગ્ય રીતે અનુલેખન કરે છે. વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાદા અંગ્રેજી વાક્યોનું મુખવાચન કરે છે. સાદા અંગ્રેજી શબ્દોનું અનુલેખન કરે છે.

13. વર્ગખંડ / શાળાકીય પર્યાવરણમાં ઉપલબ્ધ લખાણ (કવિતા, ચાર્ટ, સૂચના વગેરે)માં રહેલા શબ્દો / ટૂંકા વાક્યો વાંચે છે.

14. વસ્તુનું વર્ણન કરવા માટે તેનાં કદ, આકાર, રંગ, સંખ્યા, વજન સાથે સંકળાયેલા big, small, round, pink, red, heavy, light, soft જેવા શબ્દોનો ઉપયોગ કરે છે.

15. વસ્તુ, વ્યક્તિ, સ્થાન, વ્યવસાયકારો, પશુ - પક્ષી, વૃક્ષ વગેરે વિશેનું વર્ણન વાંચે છે અને તેના વિશે ચારથી પાંચ શબ્દો / શબ્દસમૂહમાં જણાવે છે.

16. ઉલટા પ્રશ્નો (Inversion Questions) તેમજ Wh. Questions (Who, What, How many, How much, Where, When) ના ટૂંકમાં મૌખિકમાં જવાબ આપે છે.

17. I - me - my, we - us - our, you - you - your, he - him - his, she - her - her, it - it - its, they - them - their જેવા સર્વનામો વિશે જાણે છે અને જણાવે છે.

18. This, That, These, Those, There is, There are નો ઉપયોગ કરી વસ્તુઓનો નિર્દેશ કરે છે તેમજ પ્રશ્નોના જવાબ આપે છે.

19. રોજિંદા જીવનની અને વર્તમાનમાં ચાલુ હોય તેવી ક્રિયાઓનું વર્ણન કરે છે. ઉદા. Today is Sunday, I am playing kabaddi.

20. શબ્દકોશનો સાચો ક્રમ સમજે છે. શબ્દકોશના સાચા ક્રમ પ્રમાણે શબ્દો ગોઠવીને લખે છે.

